# વાણિજ્ય પત્રવ્યવહાર અને સેક્રેટેરિયલ પ્રેક્ટિસ : માર્ચ - 2014

સમય : 3 કલાક] 337 (G) [કુલ ગુણ : 100

સૂચનાઓ : (1) આ પ્રશ્નપત્રમાં કુલ છ વિભાગ અને 47 પ્રશ્નો છે. (2) બધા જ પ્રશ્નો ફરજિયાત છે. વિકલ્પો આંતરિક છે. (3) પ્રશ્નની સામે લખેલ અંક ગુણ દર્શાવે છે. (4) પ્રશ્નની સૂચના પ્રમાણે જવાબ લખો. (5) નવો વિભાગ નવા પાના પર લખવો.

## વિભાગ-A

- નીચેના પ્રશ્નોના યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ લખો. દરેકનો 1 ગુણ છે. 10

1. શેરના હપતાની જોગવાઈ ક્યાં કરવામાં આવે છે ?
(A) આવેદન પત્રમાં (B) કંપનીનું રજીસ્ટરમાં
(C) નિયમન પત્રમાં (D) કંપનીના હિસાબી ચોપડામાં

2. લઘુતમ ભરણા જેટલી રકમ 120 દિવસમાં ન ભરાય તો જે અરજીઓ આવી હોય તેના નાણાં કેટલા દિવસમાં પરત કરવા પડે ?
(A) 5 દિવસ (B) 10 દિવસ (C) 20 દિવસ (D) 30 દિવસ

3. શેર પ્રમાણિકરણ શા માટે કરવામાં આવે છે ?
(A) શેરની આંશિક ફેરબદલી માટે (B) શેર સર્ટિફિકેટની સોંપણી માટે
(C) શેરની ફરજિયાત ફેરબદલી માટે (D) નોંધણીના પ્રમાણપત્ર માટે

4. ડિબેંચર ધારકો કંપનીના .....
(A) સંચાલક છે. (B) વહીવટદાર છે. (C) દેવાદાર છે. (D) લેણદાર છે.

5. જ્યારે બે કંપની પૈકી કોઈ એક કંપની બીજી કંપનીમાં વિલિન થાય ત્યારે તેના સભ્યપદમાં શો ફેરફાર થાય છે ?
(A) સભ્યપદ ગુમાવે છે. (B) સભ્યપદ રદ થાય છે.
(C) કોર્ટમાં જઈ શકે છે. (D) સભ્યપદ ચાલુ રહે છે.

6. જાહેર કંપનીમાં લઘુત્તમ સંચાલકોની સંખ્યા -
(A) 7 (B) 2 (C) 3 (D) 12

7. જો સંચાલકોની મહત્તમ સંખ્યા 12 થી વધતી હોય તો કોની પરવાનગી મેળવવી આવશ્યક છે ?
(A) અદાલતની (B) સંચાલક મંડળની (C) રાજ્ય સરકારની (D) કેન્દ્ર સરકારની

8. અંતિમ ડિવિડન્ડ જાહેર કરવાનું સૂચન કોણ કરી શકે ?
(A) સંચાલક મંડળ (B) સેક્રેટરી (C) એક સંચાલક (D) શેર ધારકો

9. ચુનાવ માટે મતદાનની માગણી થતાં કેટલા સમયમાં મતદાન કરાવવાનું હોય છે ?
(A) 12 કલાક (B) 24 કલાક (C) 36 કલાક (D) 48 કલાક

10. કોઈપણ બે વાર્ષિક સામાન્ય સભાઓ વચ્ચે વધુમાં વધુ કેટલા સમયનો ગાળો હોવો જોઈએ ?
(A) 18 માસ (B) 15 માસ (C) 24 માસ (D) 20 માસ

## વિભાગ-B

- પ્રશ્નના 11 થી 25 ના ઉત્તરો એક વાક્યમાં આપો. દરેકનો 1 ગુણ છે. 15

11. એજન્સીની એક વિશેષતા જણાવો.
12. આર્થિક દરજ્જો એટલે શું ?
13. ઓવરડ્રાફ્ટની સગવડ એટલે શું ?
14. વ્યાપારી સંસ્થાઓને સામાન્ય રીતે સરકારી વિભાગ સાથે કરવા પડતા પત્રવ્યવહારના બે સરકારી વિભાગોના નામ જણાવો.

HSC.CO.IN

15. પરિપત્રનો અર્થ આપો.
16. જો પત્ર લખનાર તેનું નામ ગુપ્ત રાખવા માગતો હોય તો તે નામની જગ્યાએ કયા શબ્દો વાપરે છે ?
17. શેર લિસ્ટિંગ એટલે શું ?
18. ગેરકાયદેસર શેર વહેંચણી કોને કહે છે ?
19. શેરનું પ્રમાણિકરણ એટલે શું ?
20. સ્થિરબોજ એટલે શું ?
21. ભાગીદારી પેઢી-સભ્ય બની શકે ?
22. મેનેજિંગ ડિરેક્ટર વધુમાં વધુ કેટલી કંપનીમાં હોદ્દો ધારણ કરી શકે ?
23. ફોજદારી જવાબદારીમાં સંચાલકોને શું સજા થઈ શકે ?
24. અંતિમ ડિવિડન્ડ કંપનીનો બોજ ક્યારે બને છે ?
25. પ્રોક્સી એટલે શું ?

## વિભાગ-C

- **નીચેના 26 થી 31 સુધીના પ્રશ્નોના સંક્ષિપ્ત ઉત્તર આપો. દરેકના 2 ગુણ છે.** **12**

26. જાહેર ઉપયોગી સેવાઓના ચાર ઉદાહરણ આપો.
27. શેરની ફરજિયાત ફેરબદલી એટલે શું ?
28. ડિબેંચર હોલ્ડરના બે અધિકાર જણાવો.
29. વિદેશી વ્યક્તિનું સભ્યપદ ક્યારે સ્થગિત થાય ?
30. પોલ દ્વારા મતદાનમાં કેવી રીતે નિર્ણય લેવામાં આવે છે ?
31. સભાનોંધમાં દર્શાવાતી વિગતો જણાવો.

## વિભાગ-D

- **નીચેના 32 થી 37 સુધીના પ્રશ્નોના ઉત્તરો મુદ્દાસર આપો. દરેકના 3 ગુણ છે.** **18**

32. બઢતી માટેના કારણો આપો.
33. શેર હપ્તા અંગે કંપની ધારાની ગમે તે છ જોગવાઈઓ જણાવો.
34. રૂપાંતરપાત્ર અને બિન રૂપાંતરપાત્ર ડિબેંચરનો તફાવત લખો. (3 મુદ્દા)
35. સભ્યપદ મેળવવાની કોઈપણ ત્રણ રીતો સમજાવો.
36. સંચાલકનું ટ્રસ્ટી તરીકે સ્થાન અને દરજ્જો સમજાવો.
37. ડિવિડન્ડ અંગે કંપની ધારાની કોઈપણ છ જોગવાઈઓ જણાવો.

## વિભાગ-E

- **નીચેના 38 થી 42 સુધીના પ્રશ્નોના ઉત્તરો મુદ્દાસર આપો. દરેકના 4 ગુણ છે.** **20**

38. મોસમના પહેલા વરસાદથી શહેરના રાજમાર્ગોની બિસ્માર હાલત અને તે અંગે સત્તાવાળાઓનું ધ્યાન ખેંચતો પત્ર વર્તમાન પત્રના તંત્રીને લખો.
39. દિલગીરી પત્રનો નમૂનો લખો. **અથવા**
    શેર જપ્તી અને શેરલિયન વચ્ચેના તફાવતના ચાર મુદ્દાઓ જણાવો.
40. શેરની ફેરબદલીની વિધિના પ્રથમ ચાર મુદ્દા સમજાવો.
41. સંચાલકનું સ્થાન કયા સંજોગોમાં ફરજિયાત રીતે ખાલી કરવું પડે છે ? **અથવા**
    લાયકાતના શેર સંબંધી કંપનીધારાની જોગવાઈઓ જણાવો.
42. વાર્ષિક સામાન્ય સભા અંગે કંપની સેક્રેટરીની સભા પહેલાંની ફરજો જણાવો. **અથવા**
    અસાધારણ સભા કોણ બોલાવી શકે ?

## વિભાગ-F

- **નીચેના 43 થી 47 પ્રશ્નોના સવિસ્તાર જવાબ લખો. દરેક પ્રશ્નના 5 ગુણ છે.** **25**

43. જય ઈલેક્ટ્રોનિક્સ, નવી દિલ્હીને એજન્સી શરૂ કરવા અંગેનો પત્ર લખો.
44. અભિપ્રાય મેળવવા અંગેના વિનંતી પત્રનો સંમતિસૂચક અભિપ્રાય આપતો પત્ર લખો.

HSCCO.IN

45. આર. એમ. શાહ, નવરંગપુરા, અમદાવાદ-9 વતી વિજયાબેંક અમદાવાદને શૈક્ષણિક લોન મેળવવા અંગેનો પત્ર લખો.

46. નગરના મુખ્ય બગીચામાં દિવસ દરમ્યાન અને સંધ્યા સમય પછી વધતા જતા અસામાજિક તત્ત્વો વિશે ફરજિયાત કરતો અને ઝડપી ઉકેલ માગતો પત્ર સ્થાનિક પોલિસ મથકને લખો.

**અથવા**

46. પોસ્ટ ઓફિસ બચત યોજના વિશે માહિતી માગતો પત્ર લખો.

47. મોહક સિલ્ક મિલ્સ, પ્રા. લિ. વતી તેના કર્મચારી શ્રી અજય રાવલને બઢતીની જાણ કરતો પત્ર લખો.

**અથવા**

47. કર્મચારીઓને આપવામાં આવેલ ઓળખપત્ર કાર્યાલયના સમય દરમિયાન ગળામાં પહેરી રાખવા અંગે નોટિસના સ્વરૂપમાં પત્ર લખો.

HSC.CO.IN